# -:: પ્રાચીન થામણા ::-

**૧) ભૌગોલિક પરિચય :** ઉ.અ.૨૨-૪૩ અને પૂ.રે. ૭૩-૦૫ ઉપર આ ગામ ઉમરેઠ રેલ્વે સ્ટેશનથી ૫ કિ.મી. ઉમરેઠ બસ સ્ટેન્ડથી ૩ કિ.મી. આણંદથી ૨૩ કિ.મી. નડીયાદથી ૨૨ કિ.મી. અને ડાકોરથી ૧૦ કિ.મી. ના અંતરે આવેલું છે. નડિયાદ ડાકોર હાઈવે ઉપર ઉમરેઠ લાલ દરવાજાથી થામણાને જોડતો પાકો ડામર રોડ છે. આ જ રોડને લીંગડાથી થામણા થઈને જોડતો પાકો ડામર રોડ છે. થામણાથી ખીજલપુર થઈને ડાકોરને જોડતો પાકો ડામર રોડ છે.

**૨) ઐતિહાસિક પરિચય :** થામણાનું મૂળ નામ સ્થંભનક કે સ્તંભનપુર હતું. આ નગરની સ્તંભનક પાર્શ્વનાથની મૂર્તિ આજે પણ ખંભાતમાં આવેલી છે. જૈનોના પ્રભુત્વવાળા આ નગરના આચાર્યની સત્તા આજુબાજુ લાંબા અંતર સુધી ચાલતી, આનો ઉલ્લેખ શ્રી ધુમકેતુએ તેમના પુસ્તક 'કર્ણાવતી'માં સ્તંભનક ના આચાર્ય એ કરેલો છે. થામણાનો ઉલ્લેખ સંવત ૧૧૩૧ માં અભયદેવ સૂરિએ કર્યો છે. ગિરનાર ઉપર નેમિનાથજીનું દહેરૂ છે ત્યાં છ શિલાલેખો છે તે સંવત ૧૨૮૮ ફાગણ સુદ-૧૦ને બુધવારના છે. એમાં સ્તંભનકપુર અને સ્તંભતીર્થનો ઉલ્લેખ છે. આ જ લેખમાં થામણામાંના પાર્શ્વનાથનું મંદિર વસ્તુપાલે બંધાવેલું તેનો ઉલ્લેખ છે. પ્રાચીન જૈન લેખ સંગ્રહ માં આચાર્ય શ્રી મુનિ જિન વિજયજીએ લખેલું છે કે ''સ્તંભનકપુર'' તે ખેડા જીલ્લાના આણંદ તાલુકામાં આવેલા ઉમરેઠ ગામની પાસે આવેલું અને શેઢી નદીને કાંઠે વસેલુ ''થામણા'' નામનુ ગામ છે તે ''થાંભણા'' એ પ્રાકૃત થંભણય નું રૂપાંતર છે. અભયદેવ સૂરિએ પલાશના વૃક્ષોની નીચે ભૂતલમાં દટાયેલી પાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ કરી હતી. સંવત ૧૩૬૮માં સ્તંભનપુર થામણા પાર્શ્વનાથને સ્તંભતીર્થ-ખંભાતમાં ખસેડવામાં આવ્યાનું મેરૂતુંગ કહે છે.

જૈનો પછી આ ગામનું પ્રભુત્વ ખેડાવાળ બ્રાહ્મણોના હાથમાં આવ્યું. થામણાના ગંગાદત્તજી માહેશ્વરજી દવે દુનિયાભરના વેપારીઓની ગણતરીમાં આવતા મધ્યયુગમાં તેઓ નામાંકિત વહેપારી હતા. પન્ના નગરમાં તેમને હીરાની ખાણ મળી આવેલી તેમણે સાગર અને થામણામાં હવેલીઓ બંધાવેલી. અવશેષ આજે પણ જોઈ શકાય છે. હવેલી પેશ્વા સરકારના શરાફ હતા.

ઈ.સ. ૧૯૩૭ માં પ્રાંતિક સ્વરાજ મળતાં મુંબઈ ઈલાકામાં બાલગંગાધર ખેરના નેતૃત્વવાળી કોંગ્રેસમાં તેઓ કેળવણી પ્રધાન પણ હતા તેમણે વર્ધા શિક્ષણ યોજના અન્વયે સમગ્ર મુંબઈ ઈલાકામાં તેના પ્રથમ પ્રયોગ માટે લગભગ ૧૯૩૫ માં શ્રી બબલભાઈના આગમનથી થામણા ગામ પસંદ થયું. ગામ બહાર વાડિયું નામે ઓળખાતુ ૧૦-૧૨ વીઘાનું ખેતર ગામના પાટીદારોએ વર્ધા શિક્ષણ યોજના માટે ભેટ આપ્યું. ૨૧-૯-૩૮ ના રોજ રવિવારના શુભ દિવસે શ્રી રવિશંકર મહારાજના શુભ હસ્તે પ્રયોગનો આરંભ થયો. બાબા સાહેબના શુભ હસ્તે શાળાના નવા મકાનું ખાત મુહુર્ત થયું. શાળાના મકાનનું ઉદ્‌ઘાટન સરદાર વલ્લવભાઈ પટેલના શુભ હસ્તે થયું. તેમણે કહ્યું આ ગામ તો સ્વર્ગ જેવું છે. આ તો એક બગીચો છે. આપણાં બાળકો ફૂલ

જેવાં ખીલે અને ભાવિ સન્નાગરિકો થાય. જે કામ કરવાની કોઈએ હિંમત નથી કરી તે કામ તમે કર્યું છે.

સમગ્ર પ્રયોગ પર દેખરેખ રાખવા માટે પૂ. બબલભાઈ મહેતા કાયમ માટે માસરાથી નિવાસ સ્થાન બદલી થામણા આવ્યા. જાણીતા કેળવણીકારો શ્રી કાકા સાહેબ કાલેલકર, શ્રી નરહરીભાઈ પરીખ, આચાર્ય શ્રી કૃપાલાણી, શ્રી મહાદેવભાઈ દેસાઈ, શ્રી નગીનદાસ પારેખ, શ્રી મગનભાઈ દેસાઈ, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી કિશોરલાલ મશરૂવાલા, આચાર્ય ભાગવત દેસાઈભાઈ, નાથાભાઈ પટેલ વિઠ્ઠલદાસ જે. રાજાણી, ચીમનભાઈ મહેતા, જુગતરામ દવે, નાનાભાઈ ભટ્ટ, દિલખુશભાઈ દિવાનજી, જ્યોતીન્દ્ર મહેતા, લાલભાઈ ર. દેસાઈ, પ્રેમલ મહારાજ, શિવાભાઈ ગો. પટેલ, ઈન્દુમતી શેઠ, સરલાદેવી સારાભાઈ, કુસુમબેન પટેલ, મામા સાહેબ ફડકે, હરિપ્રિયાબેન શારડી, ડૉ. જીવરાજ મહેતા, ચીમનભાઈ પટેલ (મુખ્ય મંત્રી ગુ.રા.) અને બીજા અનેક માર્ગદર્શન માટે થામણા આવવા લાગ્યા. શાળાના શિક્ષકો શ્રી ડાહ્યાભાઈ પાઠક, શ્રી જોરાભાઈ, શ્રી આદિતભાઈ વ. એ ખૂબ ઉત્સાહથી વર્ધા શિક્ષણ યોજનાનો પ્રયોગ સફળતા સુધી પહોંચાડ્યો. ૧૯૪૨ ની લડત આવતાં જ સરકારે શાળા હસ્તગત કરી અને પ્રયોગ નિષ્ફળ બનાવ્યો.

થામણાના ૨૦ ભાઈઓની એક ટૂકડી લસુન્દ્રા મીઠા સત્યાગ્રહમાં અને ૬ ભાઈઓની એક ટુકડી ધરાસણા સત્યાગ્રહમાં ગઈ હતી. ના કરની લડતમાં આખું ગામ જોડાયું હતું. દોઢ માસ સુધી લોકો હિજરત કરી સીમમાં ચાલ્યા ગયેલા. ગામની ૭૫ વીઘાં જમીન ખાલસા થયેલી. પોલીસ પટેલ નરસિંહભાઈ શંકરભાઈ પટેલ અને અન્ય મતાદારોએ તેમનાં રાજીનામા આપ્યાં. ૬ ભાઈઓ અને ૧ બહેન સવિનય કાનુન ભંગ કરી જેલમાં ગયા. વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ શ્રી છોટાભાઈ શંકરભાઈ પટેલ (મુખી)ને છ માસની જેલની સજા થયેલી.

૧૯૪૨ માં કરેંગે યા મરેગેં ની લડત વખતે શ્રી નરસિંહભાઈ મુખીએ ફરીથી રાજીનામું આપ્યું. ગામ લોકોએ અમલદારોનો બહિષ્કાર કર્યો. વાંટાના મુખી પ્રભાતસિંહ ગોહેલે પણ રાજીનામું આપેલું. શ્રી બબલભાઈ મહેતાની ધરપકડ થવાથી વિરોધ રૂપે ઉમરેઠમાં સરઘસ કાઢવામાં આવેલું. લાઠીચાર્જમાં ઘણા ઘવાયા અને થામણાના ત્રણ જણની ધરપકડ થઈ. ગામમાંથી ૧૯ ભાઈઓને છ છ માસની જેલની સજા થઈ. આઝાદી બાદ ગામના પંચાયત ઘર પાસે સ્તુપ બનાવી આરસની તકતીમાં આ બધા સ્વાતંત્રવીરોના નામ અંકિત કરવામાં આવેલા છે.

મહાત્મા ગાંધીના સ્મારક માટે બસ સ્ટેન્ડ પાસે વેરાઈ માતાના ચોગાનમાં ગાંધીસ્તૂપની સ્થાપના કરવામાં આવી છે આઝાદી પછી પૂ.બબલભાઈનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત બન્યું.

મહાત્મા ગાંધી દવાખાનું અને કસ્તૂરબા પ્રસૂતિગૃહનું ઉદ્દઘાટન ભારતના નાણાંમંત્રીશ્રી મોરારજીભાઈ દેસાઈના હસ્તે થયેલું.

પૂ. કસ્તુરબા ગાંધી, ગુજરાતના ગવર્નર વિશ્વનાથન, તાલીમાનાડુના ગવર્નરશ્રી પ્રભુદાસ પટવારી, વિ. મહાનુભાવોએ ગામની મુલાકાત લીધેલી. ગુજરાતના ગવર્નર શ્રી શ્રીમનનારાયણ અને તેમના પત્ની મદાલસાબેન પૂ. બબલભાઈના નિવાસ સ્થાને રામબાગમાં બે દિવસ રોકાયેલા.

૧૯૬૨ મા સર્વોદય મેળો અને ૧૯૮૨ માં ગુજરાત સર્વોદય સંમેલન આ ગામે ભરાયેલુ ત્યારે ગુજરાત ભરના લગભગ ૭૦૦ સર્વોદય કાર્યકરો, લોકસેવકો અને મહાનુભાવો આ ગામમાં બે દિવસ રોકાયા હતા. પૂ. રવિશંકર દાદાનો આ ગામ સાથે આત્મીય નાતો હતો. તેઓ અવારનવાર અત્રે આવતા. ઉમરેઠના છોટાલાલ અનુપરામ વ્યાસ ખેડા જીલ્લા લોકલ બોર્ડના પ્રમુખ હતા તે દરમ્યાન તેમના સહકારથી થામણા ખીજલપુર વચ્ચે શેઢી નદીનો પુલ બંધાવેલો અને થામણા ઉમરેઠનો રસ્તો બનાવેલો થામણાની પશ્ચિમ બાજુમાં ખેતરમાં ખોદકામ વખતે મકાનોના પાયા અને તાંબા પિત્તળ અને અન્ય ધાતુઓના ટુકડા મળી આવે છે જેથી માલુમ પડે છે કે ગામનો વિસ્તાર ઘણો મોટો હશે અને ગામમાં કંસારાની ઘણી વસ્તી હશે. કંસારાની કુળદેવી થામણીમાતા ગામની પશ્ચિમે છે. ઘણા સારા લોકો જૂના વખતમાં બાધા માટે અહી આવતા.

**(૩) જનસંખ્યા :** થામણા ગામની કુલ વસ્તી ૪૫૫૮ છે. તેમાં ૨૪૦૨ પુરૂષો અને ૨૧૫૬ સ્ત્રીઓ છે. ગામમાં પાટીદાર, બ્રાહ્મણ, વાણિયા, મુસલમાન, સુથાર, લુહાર, સોની, દરજી, કુંભાર, મોચી, વાળંદ, વણકર, હરિજન, એમ બધી કોમની વસ્તી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ખેતમજૂર તરીકે આદિવાસીઓ આવવા લાગ્યા અને હવે તેઓ અહીજ સ્થાયી થઈ ગયા હોવાથી વસ્તીમાં હવે જનસંખ્યામાં તેમનો ત્રીજો ક્રમ આવે છે. સને ૧૯૯૧ ની વસ્તી પ્રમાણે થામણામાં પાટીદારોના ૫૦૦ ઉપરાંત કુટુંબો છે. તેમાંથી ૧૧૦ પાટીદારોના કુટુંબો દેશના અન્ય શહેરોમાં અને ૧૫૦ કુટુંબો વિદેશોમાં વસે છે. ગામમાં ૧૦૦૦ ઉપરાંત મકાનો છે.

**(૪) વ્યવસાય :** થામણા ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ગામમાં કુલ ૧૨૧૨ હેક્ટર જમીન છે. તેમાંથી ૧૦૦૪ હેક્ટર જમીન ખેડાણ થાય છે. કુલ સર્વે નંબરો ૧૩૬૭ છે. ૩૦ જેટલા તળાવ-તળાવડી છે. ખેતીમાં મુખ્યત્વે ડાંગર અને તમાકુ પાક છે. તે ઉપરાંત ઘઉં, બટાટા, મગફળી, કેળ અને શાકભાજી પણ થાય છે. પશુપાલનમાં ગાયો, ભેંસો, બળદ મુખ્ય છે. ગામમાં ૪૦ ટ્રેક્ટરો છે. તેમાં અનાજ કરીયાણા વગેરેની ૨૫-૩૦ દુકાનો છે. ચાર તમાકુની ખળીઓ છે. તમાકુના પાંચ વેપારી છે. ૩ અનાજ દળવાની ઘંટીઓ છે. ૮ પોલ્ટ્રી ફાર્મ છે.

**(૫) સગવડો :** દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. વિવિધ કાર્યકારી સહકારી મંડળીમાં ૬૦૦ સભાસદો છે. રૂા. ૩,૦૦,૪૮૦ શેરભંડોળ છે. રીઝર્વ ફંડ અને અન્ય ફંડો તેમની પાસે છે.

ગામમાં પેદા થતા અનાજની ખરીદી પણ કરે છે. તેલીબીયાં સહકારી મંડળી અને તમાકુ મંડળી પણ છે. ગામમાં પોષ્ટ ઓફિસ, ટેલીફોન જોડાણો, ગ્રામ પંચાયતનું નવુ મકાન, ગામની મધ્યમાં આવેલું પૂ. બબલભાઈ મહેતા સ્મારક ભવનના ભવ્ય મકાનમાં પૂ. બબલભાઈ મહેતા સાર્વજનિક પુસ્તકાલય અને આજ મકાનમાં ઉપરના માળે સ્વ. શાંતાબેન ચીમનભાઈ જીવાભાઈ પટેલ સ્મારક હોલ છે. મહાત્મા ગાંધી સ્મારક ફંડમાંથી મહાત્મા ગાંધી સ્મારક દવાખાનું અને કસ્તૂરબા પ્રસૂતિગૃહ બાંધવામાં આવેલ છે. ગામમાં મહિલા મંડળી શીવણ વર્ગ ચલાવે છે.

ગામના તળાવની ઉપર રામબાગ આવેલ છે. આ રામબાગ ગુજરાત ભરમાં જાણીતો છે. કારણકે લોક સેવક પૂ. બબલભાઈનું નિવાસ સ્થાન રામબાગ હતો. રામબાગના પ્રવેશદ્વારની ડાબી બાજુએ ઉંચા ઓટલા ઉપર વીર ભગતસિંહની પ્રતિમા છે. ગામના પ્રવેશદ્વાર પાસે લાલબહાદુર શાસ્ત્રીની પ્રતિમા છે. પ્રાથમિક શાળાના બાગમાં પૂ. બબલભાઈ મહેતાની પ્રતિમા છે. હાઈસ્કુલના પ્રવેશદ્વારે સ્વામી વિવેકાનંદની પ્રતિમા છે. આમ યોગ્ય સ્થળે યોગ્ય પ્રતિમાઓ મૂકવાથી ગામનું વાતાવરણ પ્રેરણાદાયી બન્યું છે. શેઢી નદીના કિનારે તારથી બાંધેલા કંપાઉન્ડવોલ સ્મશાન ગૃહ છે.સ્મશાન ગૃહમાં લાકડાં રાખવાનુ પાકું મકાન બાંધેલુ કે. નજીવી કિંમત લઈને સ્મશાનમાં લાકડા પૂરા પાડવામાં આવે છે.

પૂ. બબલભાઈ મહેતા સુવર્ણ જંયતિ ટ્રસ્ટ સંચાલિત શિશુ સંસ્કાર કેન્દ્ર(બાલવાડી) ચાલે છે. હાલ અમેરિકા વસતા ગામના વતની શ્રી નગીનદાસ શેઠે તેમના બાળકો અર્જુન અને સહદેવના સ્મરણાર્થે બાલવાડીનું મકાન બંધાવી આપ્યું છે. ગામમાં પ્રાથમિક કુમાર શાળાની સ્થાપના ૧૮-૧-૧૮૬૨ માં થયેલી અને કન્યાશાળાની સ્થાપના ૨૦-૨-૧૯૨૪ માં થયેલી. રાષ્ટ્રિય શાળા થતાં કન્યાશાળા કુમારશાળા સહશિક્ષણમાં ફેરવાઈ ગઈ.

અગાઉ ખ્રિસ્તી મિશનરી દ્વારા એક અલગ પ્રાથમિક શાળા ચાલતી હતી તે હાલ પ્રાથમિક શાળા સાથે જોડી દેવામાં આવી છે. મુસલમાનોની મદ્રેસા છે. ગામમાં ત્રણ ધોરણની અંગ્રેજી શાળા હતી. પણ રાષ્ટ્રીય કેળવણીના જુવાળમાં તેને બંધ કરવામાં આવી હતી. ૧૯૫૨થી નવેસરથી હાઈસ્કુલ શરુ કરવામાં આવી. પરદેશમાં વસતા ગામના વતની શ્રી કાન્તિભાઈ છગનભાઈના પરિવારના મુખ્ય દાનથી રુા. ૬ લાખના ખર્ચે કે.સી. પટેલ હાઈસ્કુલનું મકાન બાંધવામાં આવ્યું છે. ડાકોર ઉમરેઠ વચ્ચે ભવન્સ કોલેજ સ્થપાઈ જેથી ઘર આંગણે કોલેજનું શિક્ષણ ઉપલબ્ધ થયું.

**નાણાં વ્યવહાર :** ગામમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા છે. વિવિધ કાર્યકારી સહકારી મંડળી અને બેંક ગામના લોકોને લોન-ધીરાણ વિ. સવગડ પૂરી પાડે છે.

**ધાર્મિક સ્થાનો :** ગામની મધ્યમાં રામજી મંદિર, બજારમાં કામનાથ મહાદેવનું મંદિર, વહેરાઈ માતા, અંબાજી માતા, ખોડીયાર માતા, થામણી માતા, વહાણવટી માતા, સિંદુર માતા, લક્ષ્મી માતા વિ. માતાના મંદિર છે. તે ઉપરાંત સ્વામીનારાયણ

મંદિર (વડતાલ), ભાથીજીનું મંદિર, રામદેવ પીરનું મંદિર, બળિયાદેવનું મંદિર, વ મંદિરો છે. ગામમાં પરબડી અને ધર્મશાળા પણ છે. મસ્જિદ અને ખ્રિસ્તી મેથોડીસ્ટ ચર્ચ પણ છે. નજીકના ખીજલપુરમાં ચર્તુભુજનું જાણીતું મંદિર છે.

**ગામની વિશિષ્ટતા :** પૂ. બબલભાઈ મહેતાએ ૪૪ વર્ષ સુધી આ ગામમાં રહીને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. તેમના કાર્યોથી અને તેમના સાહિત્યથી ગામ બબલભાઈનું થામણા તરીકે આખા ગુજરાતમાં ઓળખાયું. ભાગ્યેજ કોઈ ઘર એવું હશે કે જે ઘરના એક બે ગ્રેજ્યુએટ ન હોય. ગામમાંથી ઘણા ડોક્ટર, એન્જિનીયરો, વૈજ્ઞાનિકો, કેળવણીકારો, શિક્ષકો, આચાર્યો, સરકારી અમલદારો ઉચી પદવી પર પહોંચ્યા છે. ગામમાંથી પરદેશમાં ગયેલા નાગરિકોએ તેમના કાર્યોથી ગામની સુવાસ ફેલાવી છે.

શ્રી છગનભાઈ મુન્દાસભાઈ પટેલ ગામમાંથી ૧૯૧૮ માં ઝાંઝીબાર ગયેલા તેઓ ત્યાં સ્કુલમાં હેડમાસ્તર હતા. ૧૯૨૨માં એજ્યુકેશન ઈન્સ્પેક્ટર થયા ત્યાર પછી રીસર્ચ ટ્રેઈનીંગ કોલેજના પ્રિન્સીપાલ થયેલા. તેમના ચારેય દિકરાઓએ ખૂબ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલું. તે જમાનામાં તેમની બે દીકરીઓ સુશીલાબેન અને કમળાબેન એમ.બી.બી.એસ થઈ એફ.આર.સી.એસ. થયેલી.

ડૉ. શ્રી રણછોડભાઈ માધવભાઈ પટેલ ૧૯૩૪ માં બી.એસ.સી. (એગ્રી.) થયા. ૧૯૫૧માં અમેરિકાની વિસ્કોનસિન યુનિ. માં એમ.એસ.સી. થયા અને ૧૯૫૩માં પી.એચ.ડી. થયા. આણંદ એગ્રી. કોલેજના પ્રીન્સીપલ કેમ્પસ ડીરેક્ટર અને સરદાર પટેલ યુનિ. માં ઉપકુલપતિ તરીકે સેવાઓ આપેલ છે.

ડૉ. ડાહ્યાભાઈ મૂળજીભાઈ પટેલ ૧૯૩૯માં બી.એસ.સી. ટેક થઈ મુંબઈ યુનિ. માં ૧૯૪૬માં ટેક્સ્ટાઈલ કેમેસ્ટ્રીમાં પી.એચ.ડી. થયા. તેમને ૬ મેરીટ સ્કોલરશીપો મળેલી. ૧૯૫૨માં અભ્યાસ અર્થે સ્વીટઝર્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને ઈંગ્લેન્ડ ગયેલા.

ડૉ. ચીમનભાઈ જીવાભાઈ પટેલ તેઓ એમ.બી.બી.એસ. થયેલા. વિદેશોમાં સેવા આપી. થામણામાં હોલ માટે એક લાખ રૂપિયાનું દાન આપેલ છે.

ડૉ. નગીનભાઈ સોમાભાઈ શેઠ એમ.એસ.સી. પી.એચ.ડી. થયેલા. ઘણી રાષ્ટ્રીય સંસ્થાઓના એડવાઈઝર તરીકે કામ કર્યુ છે. અમદાવાદમાં સરદાર પટેલ સંગ્રહસ્થાન ઉભુ કરવામાં તેમનો ફાળો છે. આઝાદીની ચળવળમાં જેલમાં પણ ગયેલ છે.

શ્રી ભાઈલાલભાઈ મુળજીભાઈ એમ.એસ. સી. વિદેશોમાં અભ્યાસ કરીને બહોળો અનુભવ મેળવીને મુંબઈમાં લેબોરેટરી ફર્નીસસર્સની પેઢી ધરાવે છે. તેઓ ભારત સરકાર માટે લેબોરેટરીનાં સાધનો પૂરા પાડે છે.

ધોળીભાઈ તળશીભાઈ પટેલ ગામના સેવાભાવી નિ:સ્વાર્થી આગેવાન હતા. ગામના બધા જાહેર કાર્યોમાં અગ્રેસર રહેતા. લોકોને સાથે રાખીને કાર્ય કરતા.

આદિતભાઈ શંકરભાઈ પટેલ (માસ્તર) પ્રાથમિક શાળાના શિક્ષક હતા. વર્ધા યોજનાને સફળ બનાવવામાં પૂ. બબલભાઈ ની સાથે રહી કાર્ય કરતા. ખાદીધારી હતા. જાતે કાંતેલા સૂતરના કપડાં પહેરતા. ગામની વિવિધ સહકારી મંડળી બંધ થઈ ગયેલી તેને ચાલુ કરી સંગીન પાયા પર તેમણે મુકી. કેળવણી મંડળની સ્થાપના માટે તેમનો ફાળો હતો.

છોટાભાઈ શંકરભાઈ પટેલ (મુખી) આઝાદીની લડતમાં સક્રીય ભાગ લઈ ચાર વખત જેલમાં ગયેલા. ખેડા જીલ્લા લોકલ બોર્ડના સભ્ય હતા. ગામમાં પંચાયતની સ્થાપના થઈ ત્યારે પહેલા સરપંચ તરીકે સારું કાર્ય કર્યુ.

આઝાદીની ચળવળમાં નીચેના સ્વાતંત્ર્ય સેનાનીઓએ અગત્યનો ફાળો આપી જેલવાસ વેઠ્યો હતો. તેમાંથી બે-ત્રણ અપવાદ સિવાય કોઈએ સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનું સરકારનું પેન્શન કે મફત મુસાફરીનો લાભ લીધો નથી.

૧. બબલભાઈ મહેતા
૨. છોટાભાઈ શંકરભાઈ પટેલ (મુખી)
૩. ભીખાભાઈ ગોકળભાઈ પટેલ
૪. છોટાભાઈ કાળીદાસ પટેલ
૫. ખોડાભાઈ આદીતભાઈ પટેલ
૬. હરિબેન સવદાસભાઈ પટેલ
૭. વલ્લવભાઈ ખુશાલભાઈ પટેલ
૮. નરસિંહભાઈ શંકરભાઈ પટેલ
૯. છોટાભાઈ શંકરભાઈ પટેલ (માસ્તર)
૧૦. વાઘજીભાઈ છોટાભાઈ પટેલ
૧૧. ડાહ્યાભાઈ હિમાભાઈ પટેલ
૧૨. રણછોડભાઈ દ્વારકાદાસ શેઠ
૧૩. ઈન્દુભાઈ અંબાલાલ મહેતા
૧૪. બાલાશંકર માધવલાલ દ્વિવેદી
૧૫. પુનમચંદ ગોવિંદરામ પંડ્યા
૧૬. નગીનભાઈ સોમાભાઈ શેઠ
૧૭. મુળજીભાઈ મથુરભાઈ દલવાડી
૧૮. લાભશંકર વ્યાસ
૧૯. રવિશંકર જે. ભટ્ટ

**માહિતી દાતા :** ઉમેદભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા શિવાભાઈ પટેલ .
નવીન સંસ્કરણ - ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ-
શતાબ્દી ગ્રંથ માંથી.

**મ. છો. પટેલ (મુખી)**